જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૪ । સોમવાર । તા. ૫-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)



રાજપીપળા ના મુખ્ય માર્ગ પર દિવાળી ની ઘરાકી માં ટ્રાફિક જામ ના દ્રશ્યો ,સફેદ ટાવર સહીત ના મુખ્ય માર્ગો પર ચક્કાજામ છતાં પોલીસ હાજર જોવા ન મળતા આડેધડ વાહનો ઘૂસાડતાં ટ્રાફિક જામ દિવાળી ની ખરીદી માટે બજાર માં ભારે ભીડ અને માર્કેટ રોડ પર દબાણો થતા ટ્રાફિક સમસ્યા વધુ વકરી હોવાથી કલાકો જામ જોવા મળતા ઈમર્જન્સી દર્દી માટે એમ્બ્યુલન્સ પસાર કરવી પણ મુશ્કેલ થઈ પડે એવી સ્તિથી નું નિર્માણ થયેલું જોવા મળ્યું હતું પોલીસ હાલ દિવાળી ના તહેવાર માં ચાર રસ્તાઓ પર બંદોબસ્ત મૂકી કડક પાલન કરાવે એ જરૂરી બન્યું છે .

નીતિશ કેબિનેટમાં લેવાયો સૌથી મોટો નિર્ણય,પીએમસીએચને વિશ્વની સૌથી મોટી હોસ્પિટલ બનાવાશે

ગુજરાતમાં સૌથી ઊંચી પ્રતિમા : બિહારમાં બનશે વિશ્વની સૌથી મોટી હોસ્પિટલ..!!

આ હોસ્પિટલમાં ૫૪૬૨ બેડની ક્ષમતા હશે,હોસ્પિટલ બનાવવાનો અંદાજિત ખર્ચ ૫૫૪૦.૦૭ કરોડ થશે,દર્દીઓને વર્લ્ડ ક્લાસ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે,૩૬ સુપર સ્પેશિયાલિટી વિભાગો હશે

પટના

થોડા દિવસો પહેલાં ગુજરાતમાં વડાપ્રધાને વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યું હતું. તેને બનાવવા માટે લગભગ ૩૦૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ સવાલ એ જ કે આટલા કરોડો રૂપિયાના ધૂમાડો કર્યા પછી સામાન્ય પ્રજાને મળશે શું...? શું આ મૂર્તિ યુવાનોને રોજગારી આપશે?

એક બાજુ ગુજરાતમાં સરદારની સૌથી મોટી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યૂનિટીનું લોકાર્પણ થયું, જેના કારણે વિશ્વમાં ગુજરાતનું નામ ગૂંજતું થઈ ગયું. હવે જાણે દેશમાં એક પછી એક રાજ્યો હરીફાઈમાં ઉતર્યા હોય તેમ નીતિશ કેબિનેટે પટણા મેડિકલ કોલેજ અને હોસ્પિટલ (પીએમસીએચ)ને વિશ્વની સૌથી મોટી હોસ્પિટલ બનાવવાનો નિર્ણય કર્યો છે.

તેના માટે સરકારે પણ મંજૂરી આપી દીધી છે. વિશ્વની સૌથી મોટામાં મોટી હોસ્પિટલમાં ૫૪૬૨ બેડ ક્ષમતા હશે. આ હોસ્પિટલ બનવવાનો અંદાજિત ખર્ચ ૫૫૪૦.૦૭ કરોડ થશે. માનવામાં આવી રહ્યું છે કે આ દુનિયાની સૌથી મોટી હોસ્પિટલ બની જશે, જ્યાં વર્લ્ડ ક્લાસની સુવિધાઓ દર્દીઓને પુરી પાડવામાં આવશે.

આ નિર્ણય મુખ્યમંત્રી નીતીશ કુમારની અધ્યક્ષતામાં આયોજિત એક બેઠકમાં લેવામાં આવ્યો છે. મળેલી મીટિંગમાં કુલ મળીને ૩૪ નિર્ણયો લેવાયા હતા. કેબિનેટ સચિવાલય વિભાગના પ્રધાન સચિવ સંજય કુમારે પોતાની વાતચીતમાં જણાવ્યું કે, કેબિનેટે પીએમસીએચનો પુનર્વિકાસ ૫૫૪૦.૦૭ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચથી વિશ્વની સૌથી વધારે (૫૪૬૨) રૂમોવાળી હોસ્પિટલ બનાવવાની મંજૂરી આપી છે. આ હોસ્પિટલને બિહાર મેડિકલ સર્વિસેજ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કોર્પોરેશન લિમિટેડ (બીએમએસઆઈસીએલ) પુરી રીતે તૈયાર કરીને રાજયને સોંપશે. પટના મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ૧૯૨૫માં બનાવવામાં આવી હતી.

તેમણે કહ્યું કે, આ કદમથી બિહારમાં ડોક્ટરોની કમીને પુરી કરવામાં મદદ મળશે અને દર્દીઓને સર્વશ્રેષ્ઠ ચિકિત્સકીય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. હાલના સમયમાં હોસ્પિટલમાં ૧૭૫૪ રૂમોની ક્ષમતા છે. તેના સિવાય એમબીબીએસ સીટોની સંખ્યા ૧૫૦થી વધારીને ૨૫૦ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે, પીએમસીએચની સ્થાપના ૧૯૨૫માં કરવામાં આવી હતી.

વિશ્વની સૌથી મોટી હોસ્પિટલમાં ૩૬ સુપર સ્પેશિયાલીટી વિભાગો હશે. હાલમાં માત્ર ૮ સુપર સ્પેશિયાલીટી વિભાગો છે. આ હોસ્પિટલને ત્રણ તબક્કામાં વિકસાવવામાં આવશે અને સમયસર તેનું કામ પુરુ કરવામાં આવશે.

કેસ એક હોય કે ૫ અમને જીતવાવાળો ઉમેદવાર જોઈએ

મધ્યપ્રદેશમાં ગુનેગાર હોય તો પણ ટિકિટ આપોઃ કમલનાથનો વીડિયો વાયરલ

ભોપાલ

મધ્યપ્રદેશમાં ચૂંટણી પહેલાં એક વાયરલ વીડિયોને લઈને રાજકારણ ગરમાયું છે. મધ્યપ્રદેશ ભાજપે કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અને છિંદવાડાના સાંસદ કમલનાથનો એક વીડિયો ટ્વીટ કર્યો છે જેને લઈને ઝસ શિવરાજસિંહ અને ભાજપના તમામ નેતાઓ કમલનાથ અને કોંગ્રેસ પર નિશાન સાધી રહ્યાં છે.

પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ કમલનાથનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો જેમાં તેઓ ટિકિટ આપવાની વાત કરતા હતા. આ વીડિયોમાં એક જગ્યાએ કમલનાથ કથિત રીતે એવું બોલતા નજરે પડે છે કે તેઓને જીતવાવાળા કેન્ડિડેટ જોઈએ, જો તેના પર કેસ હોય તો પણ કોઈ વાંધો નહીં. વીડિયોમાં કમલનાથ કથિત રીતે બોલતાં નજરે પડે છે કે, ×કોઈ કહે છે કે તેના પર તો ચાર કેસ છે, હું કહું છું ભલે ને પાંચ હોય, અમે તો એવામાં છીએ કે અમને જીતવાવાળા જોઈએ.

પહેલી નજરે વીડિયો જોતાં લાગે કે કમલનાથ કથિત રીતે ગુનેગારોને પણ ટિકિટ આપવાની વાત કરે છે. જો કે આ વીડિયો કેટલો સાચો છે કે ખોટો તે વાતની અમે પુષ્ટી નથી કરી રહ્યાં.

આ વીડિયો વાયરલ થયાં બાદ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ટ્વીટ કરી લખ્યું કે, ×જો આ જ કોંગ્રેસની રાજનીતિ છે તો... બાકી જનતા પોતે જ સમજદાર છે, તેઓ જ નિર્ણય લેશે કે ૨૮ નવેમ્બરે મતદાન કરી કોને વિજયી બનાવશે. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ પણ આ વીડિયો ટ્વીટ કર્યો છે.

કોંગ્રેસે કમલનાથના વાયરલ થઈ રહેલાં વીડિયોને ડોક્ટર્ડ એટલે કે મૂળ વીડિયોથી છેડછાડ કરી બનાવવામાં આવેલો વીડિયો ગણાવ્યો છે. કોંગ્રેસ પ્રવક્તા શોભા ઓઝાએ શિવરાજસિંહના ટ્વીટનો જવાબ આપતાં લખ્યું કે, ×શું શિવરાજસિંહજી હજુ પણ પોતાની સાખ બચાવવા માટે ડોક્ટર્ડ વીડિયોનો સહારો લેશે, પ્રદેશની જનતા ૨૮ નવેમ્બરે આવાં એડિટેડ વીડિયોનો જવાબ આપશે. શોભા ઓઝાને કહ્યું કે શિવરાજની ટ્વીટની ફરિયાદ ચૂંટણી પંચ સમક્ષ કરશે.

મોદી એનાકોન્ડા છે, આરબીઆઈ અને સીબીઆઈને ગળી ગયા : ટીડીપી નેતા

અમરાવતી

બે દિવસ અગાઉ કૉંગ્રેસ સાથે જોડાણ પાકુ કરનાર સત્તાધારી ટીડીપીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને એનાકોન્ડા ગણાવ્યા હતા, તો સામે પક્ષે ભાજપે ટીડીપીના પ્રમુખ એન. ચન્દ્રાબાબુ નાયડુને ભ્રષ્ટાચારના રાજા કહ્યા હતા. રાજ્યના નાણાં પ્રધાન અને ટીડીપીના નેતા યનામાલા રામાકિષ્ણુડુએ મોદીને એનાકોન્ડા સાથે સરખાવતા જણાવ્યું હતું કે એ (મોદી) સીબીઆઈ, આરબીઆઈ અને અન્ય સંસ્થાઓ ગળી રહ્યા છે. એ કઈ રીતે રક્ષક હોઈ શકે. ટીડીપીની ફરજ દેશને ભાજપમુક્ત બનાવવાની છે. એમણે વાયએસઆર કૉંગ્રેસ અને જન સેનાની ટીકા કરતા જણાવ્યું હતું કે એમને ફક્ત સત્તા જ જોઈએ છે અને દેશ પ્રત્યે એમને કોઈ લાગણી નથી. આ સામે ભાજપના રાજ્યપ્રમુખ કન્ના લક્ષ્મીનારાયણાએ જણાવ્યું હતું કે એન. ચન્દ્રાબાબુ નાયડુ ભ્રષ્ટાચારના રાજા છે, એ કોઈપણ હદે જઈ શકે છે. પોતાના ભ્રષ્ટ ઈતિહાસની બીક લાગી છે, પોતાના કૌભાંડો બહાર આવવાની બીકે એમણે કૉંગ્રેસ સાથે જોડાણ કર્યું છે.

જે માણસે ૨૦૧૭માં એનડીએમાં ઠરાવ પસાર કર્યો હતો કે મોદી જ ફરીથી વડા પ્રધાન બનવા જોઈએ, એ જ માણસે હવે પલટી મારી છે, એમ તેમણે જણાવ્યું હતું. બધા જ ભ્રષ્ટ નેતાઓએ જૂથ બનાવ્યું છે અને ચન્દ્રાબાબુએ પણ એ તરફ દોટ મૂકી છે, પણ રાજકારણના વેષમાં તેઓ દેશને લૂંટવા માગતા હોય તો એ શક્ય નથી.

સંન્યાસ લઈને દેશસેવામાં જીવન સમર્પિત કરવું એ ગૌરવ અને આનંદની વાત છે

કુંવારાનું સન્માન કરો, ૨થી વધુ બાળકો હોય તે પરિવારનો મતાધિકાર છીનવોઃ બાબા રામદેવ

દહેરાદૂન

યોગ અને પતંજલિ ઉત્પાદનો સિવાય પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં રહેતા યોગગુરૂ સ્વામી રામદેવે આ વખતે દેશની જનસંખ્યા અને દેશસેવા માટે સંન્યાસ લેતા સંન્યાસીઓ માટે નિવેદન આપ્યું છે. રવિવારે હરિદ્વારમાં સ્થિત તેમના મુખ્ય આશ્રમેથી યોગગુરૂએ જણાવ્યું કે અમારી જેમ જે લોકો સંન્યાસ અપનાવી દેશ સેવામાં જીવન સમર્પિત કરે છે તે લોકોને ખાસ સન્માન મળવું જોઈએ. જ્યારે બે થી વધારે સંતાનો ધરાવતા લોકો પાસેથી વોટ આપવાનો અધિકાર પણ પરત ખેંચી લેવો જોઈએ.

હરિદ્વારમાં આયોજીત એક કાર્યક્રમ દરમિયાન તેમણે પોતાનું જ ઉદાહરણ આપતા જણાવ્યું કે ભારતમાં જે લોકો અમારી જેમ લગ્નગ્રંથિથી ન જોડાઈને દેશસેવા કરે છે તેમને સમાજમાં વિશેષ સન્માન આપવું જોઈએ. તેમણે પોતાના નિવેદનમાં એ વાતનો પણ ઉલ્લેખ કર્યો કે પૌરાણિક સમયમાં જનસંખ્યા ઓછી હોવાના કારણે વેદોમાં ૧૦-૧૦ સંતાનો પેદા કરવાની વાત કહેવામાં આવી હતી. હવેના સમયમાં જેની પાસે સામર્થ્ય હોય એ સંતાનો પેદા કરી લે અને ૧-૨ સંતાનો અમને પણ આપે. આમ પણ હવે ભારતની જનસંખ્યા ૧૨૫ કરોડના આંકડાને પાર કરી ચુકી છે. પરંતુ જે કોઈ પુરૂષ કે મહિલા બુદ્ધિશાળી, ચતુર અને સમજદાર વ્યક્તિત્વ ધરાવતું હશે તો તે વિવેકશીલ અને પૂર્ણ આત્મા હજારો, લાખો, કરોડો પર ભારે પડી શકે છે. આજ ભારતની પરમ્પરા છે.

યોગગુરૂ રામદેવની પતંજલિ યોગપીઠ સેંકડો સન્યાસીઓને દીક્ષા આપી ચુકી છે. રામનવમીએ સંન્યાસીઓને દિક્ષા આપતાં તેમણે જણાવ્યું હતું કે સંત બનવું અને પોતાના જીવનને દેશસેવામાં સમર્પિત કરવાથી વધારે આનંદની વાત હોઇ જ ન શકે. સાથે-સાથે તેમણે સંન્યાસ લીધેલા શિષ્યોના પરિવારોનો આભાર માન્યો હતો કે તેમણે દેશની સેવામાં સંતાનોને સમર્પિત કર્યા હતા.

હરિદ્વાર સ્થિત પતંજલિ આશ્રમમાં જ્ઞાનકુંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ બે દિવસના કાર્યક્રમમાં દેશભરના સંતોએ ભાગ લીધો છે. યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ જ્ઞાનકુંભમાં જોડાવા હરિદ્વાર પહોંચ્યા છે.

ગયું વરસ અને નવું વરસ : શું કર્યું,શું ન કર્યું અને ન કરવા જેવું પણ શું શું થઇ ગયું?

જો તમે ૬૦ પ્લસના વરિષ્ઠ નાગરિક હશો તો ક્યારેક ને ક્યારેક તમારાથી નાનેરાઓને, એમની નાનાઈની યાદ અપાવવા વાતવાતમાં એવું તો કહ્યું જ હશે- ×દીકરા, (કે દીકરી) મેં તારા કરતાં વધારે દિવાળી જોઈ છે. એની નાનાઈ સૂચવવા ઉપરાંત આમાં તમે તમારી મોટાઈ પણ છતી કરતા હો છો. એમાં કંઈ ખોટું પણ નથી. નાનો એ નાનો જ છે અને મોટો એ મોટો જ છે. અહીં સંકેત માત્ર વયનો જ છે.

પણ પેલો નાનેરો તમારાથી જરૂર વધારે ભણેલો હશે. (ગણેલો ન પણ હોય.)વયને સંબંધ છે ત્યાં સુધી તમારી મોટાઈનો એ ઈનકાર તો નહીં કરી શકે પણ તમારી મોટપને પડકારવા એ હોઠ થોડાક ભીંસીને આવું તો કહેશે જ- ×પણ કાકા, તમારા કરતાં મેં ફટાકડા વધારે ફોડ્યા છે.

વાત દિવાળીની છે, ફટાકડાની નથી. તમે જે દિવાળી જોઈ છે એ તમે પોતે જોયેલી છે. એણે જે ફટાકડા ફોડ્યા છે એ વડીલોએ લાવી આપેલા ફોડ્યા છે. ગઈ કાલે તમે જે ફટાકડા ફોડતા એ ચાંદલિયા હતા, લવંગિયાની લૂમ હતી, ફૂલઝરની તડતડાટી હતી અને ક્યારેક લક્ષ્મી છાપ બોમ્બ હતો. વધારે જોવાની વાત દિવાળી સાથે સંલગ્ન છે. આમ તો બારેય મહિનાના તહેવારો એકસરખા જ છે. જેણે વધારે દિવાળી જોઈ હોય એણે એટલી જ સંખ્યામાં હોળી પર જોઈ હોય. વસંત પંચમી અને અખાત્રીજ પણ જોઈ હોય. મકરસંક્રાંતિ અને જન્માષ્ટમી પણ જોઈ હોય. શરદપૂનમ અને મહાશિવરાત્રિ પણ જોયાં હોય. આમ છતાં ગણીને મોટાઈ સિદ્ધ કરવી હોય ત્યારે દિવાળીનો જ આશરો લેવાય છે. દિવાળી વરસનો છેલ્લો દિવસ છે અને જ્યારે બધું કામકાજ પતી જાય, સાંજ પડી જાય અને દુકાન વધાવી લેવાનો સમય થાય ત્યારે વકરો ગણીને હિસાબ કિતાબ કરી લઈએ છીએ. આજે શું કર્યું, શું ન કર્યું, કરવા જેવું શું રહી ગયું અને ન કરવા જેવું શું થઈ ગયું એની ગણતરી સાંજે માંડીએ છીએ. આ ગણતરી એટલા માટે માંડીએ છીએ કે બીજે દિવસે બધું સરખું અને સમુંનમું કરી શકાય.

દિવાળી વરસનો છેલ્લો દિવસ છે. સાંજનો હિસાબ એક દિવસ પૂરતો છે એટલે તરત માંડી શકાય છે પણ દિવાળીનો હિસાબ આખા વરસનો છે એટલે એની ગણતરી પ્રામાણિકતાપૂર્વક કરવી હોય તો એક દિવસમાં શી રીતે થાય? દિવાળીને ચાર દિવસમાં વહેંચી નાખનારા આપણા પૂર્વજો બહુ સમજદાર હોવા જોઈએ.

જિંદગીની સમૃદ્ધિનો આધાર ત્રણ તત્ત્વો ઉપર અવલંબિત છે. જિંદગી સમૃદ્ધ થાય તો શાંતિનો પ્રકાશ પથરાય. વિદ્યા એટલે કે સરસ્વતીનું આગમન જિંદગીમાં સહુ પ્રથમ થવું જોઈએ. સરસ્વતી એક વાર તમારા જીવન માર્ગે તમને દોરી જાય એનાથી બીજું જે કંઈ બને એને તમે વધુ સારી રીતે સમજી શકશો પણ વ્યવહારમાં એકલી સરસ્વતી કે એણે આપેલી સમજદારી પૂરેપૂરી ઉપયોગી નથી થતી. સરસ્વતીની સાથે સંપત્તિ પણ જોઈએ. સંપત્તિનું હોવું પણ જીવનની સમૃદ્ધિ માટે અનિવાર્ય. સરસ્વતી અને સંપત્તિ બંને સંપાદિત થઈ જાય પણ જો દૈહિક શક્તિ અપૂરતી હોય તો શું સુખ અને સમૃદ્ધિ ભોગવી શકાશે ખરા? આનો અર્થ એટલો થયો કે જીવન સમૃદ્ધિ માટે સરસ્વતી, સંપત્તિ અને શક્તિ આ ત્રણેયનું સંતુલન થવું જોઈએ. જીવનમાં જો આ ત્રણેય સંતુલિત થઈ જાય તો જે પ્રકાશ પ્રાપ્ત થાય છે એ પ્રકાશ તમને ક્યાંય અટકવા નહીં દે. પ્રકાશના માર્ગે તમારું જીવન ભર્યું ભર્યું થઈ જશે.

આપણું દિવાળી પર્વ ચાર દિવસનું છે. પહેલા દિવસને આપણે લોક બોલીમાં વાઘબારસ કહીએ છીએ. ખરેખર એ વાક્બારસ નથી પણ વાક્ બારસ છે. વાક્ એટલે વાણી અને વાણી એટલે સરસ્વતી. કહે છે કે આદિ કાળમાં વાણી હતી પણ લિપિ નહોતી. બોલચાલ થતી પણ ઉચ્ચારોને આકાર નહોતો.

જગત પિતા બ્રહ્માએ તમામ સર્જનોને આકાર આપ્યા હતા પણ ઉચ્ચારો આકાર વગરના હતા. એમણે બ્રહ્માને પ્રાર્થના કરી - પ્રભુ, અમને આકાર આપો. બ્રહ્માએ એમની સ્તુતિ સ્વીકારી અને દેવી સરસ્વતીને આદેશ આપ્યો- ×પુત્રી, આ ઉચ્ચારોને આકાર આપ. અને આમ ક,ખ,ગ,ઘ, બન્યા. વાણી આકારમાં પ્રતિષ્ઠાપિત થઈ એટલે એનું પૂજન શરુ થયું. આ પૂજનનો દિવસ એટલે વાક્ બારસ. દિવાળી પર્વનો પહેલો દિવસ. પહેલા દિવસે સરસ્વતી પૂજન થાય. પહેલો દિવસ એટલે પુસ્તક પર્વ. પહેલો દિવસ એટલે જ્ઞાનની ગરિમા. જ્ઞાન વિના બધું નકામું. સમજણ વિના બીજું કશું જ ઊજળું નહીં. આખા વરસના હિસાબકિતાબનો આ પહેલો દિવસ. પર્વનો આરંભ સમજદારીપૂર્વક કરવો જોઈએ.

બીજો દિવસ એટલે ધનતેરસ. આ ધન શબ્દ સંપત્તિસૂચક છે પણ એ શબ્દનું હાર્દ આગલા દિવસની સમજદારી પ્રાપ્ત કર્યા પછી વધુ સારી રીતે સમજી શકાશે. ધન શબ્દના પાયામાં ધણ શબ્દે રહેલો છે. ધણ ગાયોનાં ટોળાં માટે વપરાતો શબ્દ છે. સંસ્કૃતમાં ગાય માટે ધેનુ શબ્દ વપરાય છે. આ ધેનુ જ આ દેશમાં સાચી સંપત્તિ ગણાતી હતી. કાળક્રમે ધેનુ ઉપરાંત અન્ય સંપત્તિઓ પણ ગણતરીમાં લેવાઈ. આમ સંપત્તિનો વ્યાપ વિશાળ થયો. આ સંપત્તિપૂજન એટલે ધનતેરસ.

ત્રીજે દિવસે આપણે કાળી ચૌદશ ઊજવીએ છીએ. કાળી એ નવ દુર્ગા પૈકી એક સ્વરૂપ છે અને આ સ્વરૂપ શક્તિનું પ્રતીક છે. વરિષ્ઠોને બરાબર યાદ હશે કે આ દિવસે જનેતા અથવા દાદીમા કોડિયાની જ્યોત હેઠળ એકઠા થયેલા કાજળને તેલના ટીપાં સાથે મેળવીને હાથપગનાં નખ ઉપર લગાડતાં અને પછી ધીમેથી બોલતાં-×કાળી ચૌદશનો આંજ્યો, કોઈથી ન જાય ગાંજ્યો!

કાળી ચૌદશની સાંજે ઘરના આંગણામાંથી કકળાટ એટલે કે કલેશને દૂર કરવાનો એક વિધિ પણ છે. બા, બહેન, ભાભી કે કાકી ઘરમાંથી કોઈ પણ એક મહિલા ચાર વડાં લઈ જઈને ચોકમાં મૂકી આવે છે. આ ચોક એટલે કોઈનો નહીં, આખા વરસ દરમિયાન કુટુંબીજનો વચ્ચે ક્યાંક મન ઊંચાં થયાં હોય, પરસ્પર પ્રત્યે અણગમો થયો હોય આ બધું પેલા વડાંમાં ભરી દઈને એને દેશવટો દઈ દેવાનો. આ વડાં ચોકમાં જ્યાં મૂક્યાં હોય ત્યાંથી ક્યાંય આગળ ન જાય એ માટે એને ફરતું પાણીનું કુંડાળું કરી દેવાનું. જળની આણ અનુલંઘનીય ગણાય છે. કકળાટ આપણા ઘરમાંથી તો ગયો પણ એ બીજે ક્યાંય પણ જાય નહીં એવી ભાવના આ કુંડાળામાં છે. (દુર્ભાગ્યે, કુંડાળું કરવામાં આપણે ક્યાંક ભૂલ કરીએ છીએ એટલે આ કકળાટ પણ આપણે પાછા ફરીએ ત્યારે આપણી સાથે જ ઘરભેગો થઈ જતો હોય છે.)

બસ આખા વરસના હિસાબકિતાબ અહીં પૂરા થયા.ન કરવા જેવું ભૂંસી નાખ્યું, કરવા જેવું સંભારી લીધું. જમા ઉધારનાં પાસાં બરાબર જોઈ લીધાં. પર્વનો અંતિમ દિવસ એટલે દિવાળી. આ દિવાળીના દિવસને પ્રકાશના પર્વ તરીકે ઊજવવાની વાત હવે જ સમજી શકાય.

દિવાળી પર્વની એક મહત્તા એની સાફસૂફીમાં છે. સાફસૂફી એટલે કે સ્વચ્છતા આ પર્વ પૂરતી જ શા માટે? એ તો ૨૪ ઢ ૭ ઢ ૩૦ ઢ ૩૬૫ હોવી જોઈએ. સ્વચ્છ એટલે જ સુ + અચ્છ. અચ્છ શબ્દ અક્ષ એટલે કે આંખનું બોલચાલનું રૂપ છે. સુ + અચ્છ એટલે આંખને જ સારું લાગે. દિવાળી પર્વની ઉજવણી કરીએ છીએ ત્યારે જાતને જ એક સવાલ પૂછીએ. આંખને જે સારું લાગતું હોય એ દિવાળી પર્વ પૂરતું જ શા માટે? બારેય મહિના કેમ નહીં?

આવો, આટલું સમજ્યા પછી દિવાળીના મહા પર્વને ઊજવીએ અને નવા વરસમાં પગલું માંડતાં પહેલાં એક વાર પાછું વળીને જોઈ લઈએ. મનોમન જાત જોડે સંવાદ કરી લઈએ. કરવા જેવું શું કર્યું, શું ન કર્યું અને ન કરવા જેવું પણ શું શું થઈ ગયું?

આજે ધનતેરસ : જાણો પૂજાનું શૂભ મૂહૂર્ત અને વિધિ

દિવાળીના બે દિવસ પહેલા ધનતેરસનો તહેવાર ઉજવવામાં આવે છે. એવી માન્યતા છે કે, આ દિવસે એટલે કે ધનત્રયોદશીના દિવસે ભગવાન ધનવંતરીનો જન્મ થયો હતો. ત્યારથી ધનત્રયોદશીના દિવસને ધનતેરસના રૂપમાં ઉજવવામાં આવ્યો અને આ દિવસે ધનતેરસના રૂપમાં પૂજવામાં આવે છે. આ વખતે ૫ નવેમ્બરના રોજ ધનતેરસ છે. આ દિવસે ખરીદારી કરવી શુભ માનવામાં આવે છે. ખાસ કરીને વાસણો અને દાગીનાની ખરીદી કરાય છે. આ વખતે લોકોને ધનતેરસની પૂજા કરવા માટે માત્ર ૧ કલાક ૫૫ મિનીટનો જ સમય મળ્યો છે.

આવી રીતે કરો ઉપાય

ધનતેરસ પર મા લક્ષ્મીનો આર્શીવાદ મેળવવા માટે તેમની પૂજા કરાય છે. માનવામાં આવે છે, મા લક્ષ્મી અને દેવ કુબેરના પ્રસન્ન કરવાથી વ્યક્તિને ક્યારેય ધનનું સંકટ નથી આવતું. તેનાથી લાભ થાય છે. આ માટે મા લક્ષ્મીની મૂર્તિ કે તસવીર પાસે તેમના ચરણોમાં કોડીઓ રાખો. જ્યોતિષોનું માનવું છે કે, તેનાથી ધનલાભ થાય છે. આ ઉપરાંત ઘરની તિજોરીના દરવાજા પર મહાલક્ષ્મીનું એવુ ચિત્ર લગાવો, જેમાં માતા બેસેલા છે. તેમની સાથે તેમના બે હાથી પણ સૂંઢ ઉઠાવેલા નજર આવતા હોય. ધ્યાન રાખો કે, ચિત્ર સાદુ અને પરંપરાગત રીતમાં બનાવેલું છે. આવી તસવીર તિજોરી પર લગાવવાથી ત્યાં હંમેશા મા લક્ષ્મીનો વાસ રહેશે અને વ્યક્તિની પાસે ધન-દૌલત ક્યારેય ઘટશે નહિ.

કુબેર છે ધનના દેવતા

ધનના દેવતા કુબેરને માનવામાં આવે છે. માન્યતા છે કે, દેવતા કુબેરનું સ્થાન ઉત્તર દિશામાં હોય છે. તેથી નગદ રૂપિયા હંમેશા ઉત્તર દિશામાં જ રાખો, તેનાથી ધનલાભ થશે. આ દિશા રત્ન આભૂષણો રાખવા માટે પણ દક્ષિણ દિશા શુભ કહેવાય છે. દક્ષિણ દિશામાં ભારે કિંમતી વસ્તુઓ રાખવું બહુ જ શુભ કહેવાય છે. ધનતેરસ અને દિવાળી પર મહાલક્ષ્મી યંત્રનું પૂજન કરીને તેની સ્થાપના કરવું બહુ જ ફાયદાકારક હોય છે. આ યંત્ર ધન વૃદ્ધિ માટે ઉપયોગી માનવામાં આવે છે.

ધનતેરસ ૨૦૧૮નું મુહૂર્ત

ધનતેરસની પૂજાનું શુભ મુહૂર્ત - ૫ નવેમ્બર સાંજે ૬.૦૫ વાગ્યાથી ૮.૦૧ સુધી

શુભ મુહૂર્તનો સમય - ૧ કલાક ૫૫ મિનીટ

પ્રદોષ કાળ - સાંજે ૫.૨૯થી રાત્રે ૮.૦૭ વાગ્યા સુધી

વૃષભ કાળ - સાંજે ૬.૦૫ વાગ્યાથી રાત્રે ૮.૦૧ વાગ્યા સુધી

ત્રયોદશી તિથી આરંભ - ૫ નવેમ્બરના રોજ સવારે ૧.૨૪ વાગ્યે

ત્રયોદશી તિથિ પૂર્ણ સમય - ૫ નવેમ્બરના રોજ રાત્રે ૧૧.૪૬ મિનીટે

ધનતેરસ પર ખરીદી કરવાનું મુહૂર્ત

સવારે ૦૭.૦૭ થી ૦૯.૧૫ સુધી

બપોરે ૦૧.૦૦ થી ૦૨.૩૦ સુધી

રાત્રે ૦૫.૩૫ થી ૦૭.૩૦ સુધી

કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની હાજરીમાં કોંગ્રેસનો હાથ પકડ્યો

મહિસાગરના બક્ષીપંચ મોરચના પૂર્વ પ્રમુખ સહિત બે નેતા કોંગ્રેસમાં જોડાયા

ખેડા

ખેડાના અંકલાવ ખાતે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા તથા પૂર્વ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીની હાજરીમાં બે નેતાઓ કોંગ્રેસમાં જોડાયા. મહિસાગરના બક્ષીપંચ મોરચાના પૂર્વ પ્રમુખ શનાજી ઠાકોર અને વિરપુર તાલુકા ભાજપ પ્રમુખ સી.આર. ઝાલા વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા. આ પ્રસંગે બાલાસિનોરના ધારાસભ્ય અજિતસિંહ ચૌહાણ, કારોબારી સમિતિ મહિસાગર જિલ્લા પંચાયતના પૂર્વ ચેરમેન પિનાકીન શુક્લ પણ હાજર રહ્યા હતા.

મહિસાગરના બક્ષીપંચ મોરચાના પૂર્વ પ્રમુખ શનાજી ઠાકોર અને વિરપુર તાલુકા ભાજપ પ્રમુખ સી.આર. ઝાલાએ તાજેતરમાં ભાજપ સાથે છેડો ફાડ્યો હતો અને કોંગ્રેસમાં જોડાવાની વાત કરી હતી. ત્યારે ગઈકાલે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા તથા પૂર્વ કોંગ્રેસ ભરતસિંહ સોલંકીની હાજરીમાં વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાતા ભાજપના ગઢમાં ગાબડું પડ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, લોકસભાની ચૂંટણી ધીમે-ધીમે નજીક આવી રહી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતાના પક્ષના ઉમેદવારને જીતાડવા માટે કમર કસી છે.

ત્યારે મહિસાગરના બક્ષીપંચ મોરચાના પૂર્વ પ્રમુખ શનાજી ઠાકોર, થતાં વિરપુર તાલુકા ભાજપ પ્રમુખ સી.આર. ઝાલા કોંગ્રેસમાં જોડાતા ભાજપના ગઢમાં ગાબડું પડ્યું હતું. ભાજપના આ બંન્ને નેતાને કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોંલકી સહિતના દિગ્ગજ નેતાઓએ ખેસ પહેરાવી આવકાર્યા હતા.

શિક્ષક ગંદી નજરે જુએ છે અને અશ્લીલ પ્રશ્નો પૂછે છે

દિલ્હીમાં ૪૩ છોકરીઓએ શિક્ષક પર અશ્લીલતાનો આરોપ મૂક્યો

ન્યુ દિલ્હી

ME TOO લગ્નની મોસમની જેમ ઉપડ્યો છે. રોજ કોઈને કોઈ કેસ તો બહાર આવે જ છે. ક્યારેક બોલિવૂડ તો ક્યારેક આમ જનતા. એવો જ એક કેસ આવ્યો છે દિલ્લીમાંથી. બાહ્ય દિલ્હીની સરકારી શાળામાંથી ૪૩ છોકરીઓએ શિક્ષક પર અશ્લીલતાનો આરોપ મૂક્યો છે. વિદ્યાર્થીઓ કહે છે કે શિક્ષક તેમને ગંદી રીતે જુએ છે અને અશ્લીલ પ્રશ્નો પૂછે છે. છોકરીઓએ આ બાબત વિશે આચાર્યને પત્ર લખ્યો. પ્રિન્સિપલને લખેલ પત્ર ૧૧ અને ૧૨માં ધોરણની વિદ્યાર્થીઓની છે.

હિન્દીમાં લખેલા પત્રમાં લખ્યું છે કે ' શિક્ષક છોકરીઓને ગંદી રીતે જુએ છે અને ઘણીવાર અશ્લીલ પ્રશ્નો પૂછે છે કે જેનો જવાબ અમારી કોઈપણ પાસે નથી હોતો. જ્યારે અમે પ્રશ્નોનો સામનો કરીએ છીએ, ત્યારે તે કહે છે કે હું તમારી બુદ્ધિ તપાસતો હતો. આવા પ્રશ્નો પૂછીને અમારુ જ્ઞાન અને ડહાપણ ચેક કરે એવા શિક્ષકો અમારે નથી જોતા. આ મુદ્દો મોખરે મૂકવો ખૂબ જ મહત્વપૂર્ણ છે જેથી અમારા જુનિયર સાથીદારોને ભવિષ્યમાં કોઈ સમસ્યા ન થાય.

છોકરીઓ પાસેથી મળેલ પત્રની પુષ્ટિ કરી છે, પત્ર ૩૧ ઓક્ટોબરે મળ્યો હતો. મુખ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, "આ કેસમાં, તપાસ પૂર્ણ કર્યા પછી અહેવાલને શિક્ષણ કચેરીમાં મોકલવામાં આવ્યો છે." જો કે, પ્રિન્સિપાલે આરોપી શિક્ષકને દોષી ઠેરાવવાનો ઈનકાર કર્યો અને કહ્યું કે આ જાતીય દુર્વ્યવહારનો વિષય નથી. ભોગ બનેલા વિદ્યાર્થીઓએ કહ્યું છે કે જો આ બાબત દબાવવામાં આવશે અને કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે, તો પછી અમે વર્ગમાં નહીં જઈએ.

સુરતમાં જામ્યો દિવાળીની ખરીદીનો માહોલ, મિઠાઈનાં વેચાણમાં થયો ૩૦ ટકા ઘટાડો

સુરત

દિવાળીનાં તહેવારને લઈને આજકાલનાં રોજ બે દિવસથી બજારોમાં લોકોનો સતત ઘસારો જોવાં મળી રહ્યો છે. ત્યારે સુરતમાં દિવાળીને લઈને બજારોમાં અવનવી મિઠાઈઓ જોવાં મળી રહી છે. શહેરમાં આ વર્ષે સોનાનાં વરખવાળી મિઠાઈનું વેચાણ વધુ થઈ રહ્યું છે. મિઠાઈનો ભાવ પ્રતિ કિલો ૯ હજાર રૂપિયા હોવા છતાં મોટી સંખ્યામાં લોકો મિઠાઈ લેવા માટે પડાપડી કરી રહ્યાં છે.

દિવાળીને લઈને બજારમાં મોડા સુધી ખરીદી જામતી જોવાં મળી રહી છે. બજારમાં ખરીદી માટે લોકોની ભીડ વધતાં બજારોમાં ચારે બાજુ રોનક-રોનક જોવાં મળી રહી છે. મોડે-મોડે સુધી પણ ગ્રાહકો આવતાં હોવાંથી વેપારીઓ હાશકારો અનુભવી રહ્યાં છે. ત્યારે દિવાળીને લઈને વેપારીઓ દ્વારા ખાસ અવનવી વેરાયટીઓ પણ બનાવવામાં આવી રહી છે.

જો કે સદનસીબે મહત્વનું છે કે, આ વર્ષે મોંઘવારીને લઈને ગત વર્ષ કરતા મિઠાઈઓનું વેચાણ પણ ઘટ્યું છે. ગત વર્ષ કરતા આ વર્ષે મિઠાઈનાં વેચાણમાં ૩૦ ટકા જેટલો ઘટાડો થયો છે. દિવાળી અને નવા પર્વની ઉજવણીને લઈને ગૃહિણીઓ પણ ઘરની સફાઈ અને દિવાળીનાં ખાસ નાસ્તા બનાવવામાંથી ફ્રી થયા બાદ તેઓ બજારમાં ખરીદી માટે તેમજ ગૃહ સુશોભનની વસ્તુઓ ખરીદવા માટે નીકળતાં જોવાં મળી રહ્યાં છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવું વધુ મોંઘુ બનશે : કેવડિયા રોડ પર ટોલ નાકુ બનશે..!!

ગાંધીનગર

ગુજરાતની જનતા માટે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટી જોવા જવુ મોંઘુ પડી શકે છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો જોડતો ડભોઈથી દેવલીયા, ગરુડેશ્વર, કેવડિયા અને બીજી બાજુ ભરૂચથી રાજપીપલા અને કેવડિયા આમ બે ફોરલેન બની રહ્યા છે આખરી ઓપ બાકી છે, ત્યારે હાલ ભાદરવા ગામ પાસે એક ટોલટેક્સ નાકુ બનાવવામાં આવશે હાલ બોર્ડ લગાવી દેવાયું છે. અને જે દિવાળી બાદ આ ટોલટેક્સ બનાવવાનું કામ શરૂ કરવામાં આવશે.જો કે, હાલ તંત્ર કઈ કહેવા તૈયાર નથી પરંતુ રોડ પર ટોલ પ્લાઝાના સાઈન બોર્ડ સૂચવે છે કે, આગામી સમયમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવા માટે લોકોએ ટોલ ટેક્સ ચૂકવવો પડશે.

રાજપીપળા ગરુડેશ્વર ખાતે પણ બીજું ટોલટેક્સ નાખવાની પણ વિચારણા ચાલે છે એટલે નર્મદા જિલ્લામાં આ બાબતે સ્ટેચ્યૂની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીને પણ પૂછવામાં આવી ત્યારે તેમને હાલ નક્કી નથી કહી પ્રશ્ન નો જવાબ આપવાનું ટાળ્યું હતું. ત્યારે હાલ જેમ પ્રતિમા જોવા અવનારાઓ ૪૮૦ રૂપિયા ફી આપી કશું જોવાનું નથી કહી કચવાટ અનુભવે છે, ત્યારે અહીંથી પસાર થતા તમામ વાહન ચાલકોને નવો બોજ પડશે.

દરેક જગ્યાએ જિલ્લામાં આવેલા ટોલ પ્લાઝામાંથી જિલ્લાના વાહનોને મફત પ્રવેશ આપવામાં આવતો હોય છે, ત્યારે નર્મદા જિલ્લા વાસીઓને છાસવારે અવર-જવર કરાવાનું હોય શું આ ટોલ પ્લાઝામાં પણ એ નિયમ લાગુ પડશે કે નહીં એ માટે સ્થાનિકો ચિંતિત છે.

પ્રવાસનમંત્રીશ્રીના હસ્તે બીચ ફેસ્ટીવલનું રંગારંગ પ્રારંભ





- **૨૦૧૭-૧૮ના વર્ષમાં પાંચ કરોડથી વધુ દેશ-વિદેશના પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લિધી છેઃ પ્રવાસનમંત્રી ગણપતસિંહ વસાવા**
- **સંગીત, નૃત્ય, ઊંટ સવારી, ઘોડે સવારી જેવા વિશેષ આકર્ષણો પ્રવાસીઓ માણી શકશે**
- **૩૨ દેશોના વિદ્યાર્થીઓ ફેસ્ટીવલ માણવા સુવાલી બીચ પર આવ્યા છેઃ**
- **સૂરતના સુવાલીના દરિયા કિનારે સૂરતીલાલાઓ માટે બિચ ફેસ્ટીવલ-૨૦૧૮નું આયોજન**
- **દિવાળીની રજાઓ દરમિયાન સૂરતીલાલાઓ એક મહિના દરમિયાન બીચ ફેસ્ટીવલનો આનંદ માણી શકશે**

સૂરત

હરવા ફરવાના મોજીલા સુરતીલાલાઓ માટે પ્રવાસન નિગમ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સુવાલીના દરિયાકિનારે બીચ ચોપાટી ખાતે આયોજીત બીચ ફેસ્ટીવલ-૨૦૧૮નું પ્રવાસનમંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે ઉદઘાટન થયું હતું.

આ વેળાએ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતનો વિશાળ દરિયા કિનારો, વનસંપદાની ભરપુર કુદરતી સૌદર્ય કુદરતી બક્ષ્યું છે. ભારતમાં સૌથી વધુ પ્રવાસીઓ ગુજરાતમાં આવી રહ્યા છે. તેમ જણાવી કહ્યું કે, એક સમયે વર્ષે દહાડે બે થી અઢી કરોડ પ્રવાસીઓ ગુજરાતમાં આવતા હતા પણ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દિઘદ્રષ્ટિના પરિણામે રણોત્સવ, પતંગ મહોત્સવ, વાયબ્રન્ટ નવરાત્રી, સાપુતારા મોનસૂન ફેસ્ટીવલોની ઉજવણીના પરિણામે આજે ૨૦૧૭-૧૮ના વર્ષમાં પાંચ કરોડ પ્રવાસીઓને ગુજરાતની મુલાકાત લિધી હોવાનું તેમણે કહ્યું હતું.

વીયેટનામ, બાગ્લાદેશ, શ્રીલકા, અફઘાનિસ્તાન, તાન્જાનીયા, જેવા ૩૨ દેશોના વિદ્યાર્થીઓ પણ સુવાલી બીચના કાર્યક્રમોને માણવા પધાર્યા છે. આ ફેસ્ટીવલ તા.૩/૧૧/૨૦૧૮ થી તા.૨/૧૨/૨૦૧૮ દરમિયાન દરરોજ સાંજે સુવાલીના રમણીય બીચ પર મહેદી, સંગીત, નૃત્ય, ચિત્રકામ, રેત-કલા, બાલ-રમતો તમજ રો કલાઈમ્બિગ, ટાયર કલાઈમ્બિગ, ઝોર્બિંગ, બીમ, બર્મા બ્રિજ, ઊંટસવારી, ઘોડે સવારી તેમજ ક્રાફ્ટ સ્ટોલ, ફુડ કોર્ટ, ફોટો કોર્નર જેવા વિશેષ આકર્ષણો સાથે પ્રવાસીઓ આનંદ માણી શકશે. રાજયના સ્થાનિક કલાકરો દ્વારા દરરોજ સાંજના ૬.૦૦ થી ૭.૩૦ દરમિયાન સાંસ્કૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સાંસદશ્રીમતિ દર્શનાબેન જરદોશ તથા ધારાસભ્યશ્રી ઝંખનાબેન પટેલે બિચ ફેસ્ટીવલથકી હરવા ફરવાના શોખીન સુરતીઓ માટે પ્રવાસન ધામ બની રહેશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના ફેમસ કલાકારશ્રી નટુકાકા(ધનશ્યામ નાયક) અને બાધાભાઈ(તન્મય વેકરીયા)એ પોતાની લાક્ષણિકતાઓ દ્વારા મનોરંજન પુરુ પાડ્યું હતું.

આ પ્રસંગે રાષ્ટ્રીય સફાઇ કામદાર આયોગના ચેરમેનશ્રી મનહરભાઈ ઝાલા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પ્રિતીબેન પટેલ, સાંસદશ્રીમતિ દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી મુકેશભાઈ, ધારાસભ્યશ્રી ઝંખનાબેન પટેલ, સરપંચશ્રી ભગુભાઈ, નયનાબેન, છોટુભાઈ, જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

અખિલ કચ્છ મારુ(વણકર) એકતા મંચ દ્વારા સાવિત્રીબાઈ ફૂલે વિદ્યાર્થી અને સિદ્ધિ સન્માન કાર્યક્રમ ભુજ ટાઉન હોલમાં યોજાયો



ભુજ કચ્છઃ ગત તા.૨૮/૧૦/૨૦૧૮ના રોજ અખિલ કચ્છ મારુ(વણકર) એકતા મંચ દ્વારા સાવિત્રીબાઈ ફૂલે વિદ્યાર્થી અને વિશિષ્ટ સિદ્ધિ ધરાવતા વ્યક્તિઓનો સન્માન કાર્યક્રમ ભુજના ટાઉન હોલ ખાતે યોજાયો હતો. કચ્છમાં અલગ અલગ વિસ્તારોમાં વસતા મેઘવંશી મારું સમાજના લોકો દૂરદૂરથી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.પુરુષોત્તમ ગોરડીયાની અધ્યક્ષતાએ આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું મુખ્ય ઉદઘાટક કચ્છ મોરબી સાંસદ વિનોદભાઈ ચાવડાના હસ્તે કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમને દીપ પ્રાગટ્ય કરીને સન્માન કાર્યક્રમ ચાલુ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં મુખ્ય આમંત્રિત મહેમાન સમાજના ડો.કીર્તિકુમાર સીજુ, પરબતભાઈ પરગડું (પી.આઇ.), પાયલબેન મારવાડા (પી.આઇ.) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં રાજદ્વારેથી અતિથિવિશેષમાં ભુજના એમ.એલ.એ નીમાબેન આચાર્ય, કચ્છ મોરબી સાંસદ વિનોદભાઈ ચાવડા, અબડાસાના એમ.એલ.એ પ્રદ્યુમનસિંહ જાડેજા, વસંતભાઈ વાઘેલા, અજબાઈ ગોરડિયા, દેવાબેન કુંવટ પધાર્યા હતા.આ કાર્યક્રમમાં સાલ તથા કીટ દ્વારા વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ ધરાવતા વ્યક્તિઓનો સન્માન કરવામાં આવ્યો હતો. સમાજના અધિકારીઓ એ.કે. મારવાડા, પ્રવીણભાઈ મારવાડા, મહેન્દ્રભાઈ સીજુ, દિનેશભાઈ સંજોટ, ગૌતમભાઈ ભાનાણી, નવીનચંદ્ર મારું, નાનજીભાઈ ભાટી શિવજીભાઈ પાયણ, રમણીકભાઈ જેપાર, ચાંપશીભાઈ પરગડું વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કચ્છ મોરબી યુવા સાંસદ વિનોદભાઈ ચાવડા શિક્ષણ અંગે વક્તવ્ય આપ્યો હતો અને સાથોસાથ આ મંચને શુભેચ્છાઓ પાઠવી હતી. અબડાસાના એમ.એલ.એ પ્રદ્યુમનસિંહ જાડેજા સમાજમાં જનજાગૃતિ અને એકતા વધે તે માટે વક્તવ્ય આપ્યો હતો. ભુજના એમ.એલ.એ નીમાબેન આચાર્ય, પચાણભાઈ સંજોટ, પુરુષોત્તમ ભાઈ ગોરડીયા વગેરે માહનુભવો પોતાના વક્તવ્યો આપ્યા હતા. આ એકતા મંચના મહામંત્રી અરવિંદભાઈ લેઉવાએ આ કાર્યક્રમનું ખૂબ જ એવું સુંદર સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં જય ભીમ મેડિકલનું સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના મેડિકલ ઓફિસરઃ૧, પી.આઈઃ૩ ટોપ ત્રણ વિદ્યાર્થીઓઃ૫૭, રાષ્ટ્રીય એવોર્ડ વિજેતાઃ૫૮, શિક્ષકો/પ્રોફેસરઃ૫૩, ડોકટરઃ૧૨, વકીલોઃ૨૬, એન્જીનીયરોઃ ૩૩, નાયબ મામલતદારઃ૩, પીએસઆઈઃ૨, બેંક મેનેજરઃ૪, જુનિયર એન્જિનિયરઃ૨, સીએઃ૨, પી.એચ.ડી/એમ.ફિલ/બી.એડઃ૧૭, મેડિકલ અભ્યાસઃ૧૫, રાષ્ટ્રીય કલાકારઃ૪, તાલુકા પંચાયતના પ્રમુખઃ૧, તાલુકા પંચાયતના સદસ્યઃ૨, જિલ્લા પંચાયતના સદસ્યઃ૧ વગેરે ઉપસ્થિતિ રહ્યા હતા અને તેઓનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમની સંપુર્ણ જહેમત પુરુષોત્તમભાઈ ગોરડીયા, વીરાભાઈ મારવાડા, અમૃતલાલ વણકર, દેવેનભાઈ ધુવા, નારણભાઈ સીજુ, હરજીવનભાઈ ખોયલા, ભરતભાઈ મંગરિયા, રામજીભાઈ ગોરડીયા, શિવજીભાઈ પરગડું, રમેશભાઈ બલિયા, લધરામભાઈ બુચિયા, ગાભુ ભાઈ વણકર,દેવજી સીજુ વગેરે ઉઠાવી હતી.

સમાજના યુવા પત્રકાર ગૌતમભાઈ બુચિયા, પરેશભાઈ મારું કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

૫ નવેમ્બરથી ત્રણ દિવસ માટે ખૂલશે સબરીમાલા મંદિરના કપાટ

આજે ખૂલશે સબરીમાલા મંદિરના કપાટ : કલમ ૧૪૪ લાગુ,૫૦૦૦ જવાન તૈનાત

તિરુવનંતપુરમ્

સુપ્રીમ કોર્ટ દ્વારા કેરળના સબરીમાલા મંદિરમાં મહિલા પ્રવેશ આપવા માટેની મંજૂરી બાદ અનેક વિવાદો સામે આવી રહ્યા છે. આ વચ્ચે સોમવારે વધુ એકવાર આ મંદિરના કપાટ ખુલવા જઈ રહ્યા છે.

બીજી બાજુ, મંદિરમાં મહિલા ઓની એન્ટ્રી નર લઈ ચાલી રહેલા ગતિરોધ બાદ હવે સ્થાનિક પ્રશાસન દ્વારા સુરક્ષા વ્યવસ્થાની ખાસ તૈયારીઓ કરવામાં આવી છે. પોલોસ દ્વારા આ વિસ્તારને છાવણીમાં ફેરવી દેવામાં આવ્યો છે.

પંબા અને સન્નીધનમ વચ્ચે અંદાજે ૧૫૦૦ પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે. સાથે સાથે સંવેદનશીલ વિસ્તારોમાં ધારા ૧૪૪ લાગુ કરવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે, સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ગત મહિને મહિલાઓને મંદિરમાં પ્રવેશ આપવામાં આવ્યો નહોતો. સુપ્રીમ કોર્ટના આદેશ વિરુદ્ધ ગત મહિને ઘણું હિંસક પ્રદર્શન થયું હતું. તેને જોતા પ્રશાસન તરફથી ૪થી ૬ નવેમ્બર સુધી સન્નીધનમ, પંબા, નિલાક્કલ અને ઈલાવંકુલમાં કલમ ૧૪૪ લાગૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જો કે, દર્શન માટે શ્રદ્ધાળુઓનું આગમન શરૂ થઈ ગયું છે.

નવીનતમ આંકડો અનુસાર, ગત મહિને મંદિરની અંદર અને બીજા સ્થાનો પર ૧૬થી ૨૨ ઓક્ટોબર અને સોમવારે સવાર સુધી અડચણ ઉભી કરનાર લોકોની ધરપકડ કરવામાં આવી હતી, તે વખતે લોકોની સંખ્યા ૩,૫૦૫ થઈ ગઈ હતી. વિભિન્ન પોલીસ સ્ટેશનોમાં તેના પર૯ કેસો નોંધવામાં આવ્યા છે. મંદિર પાંચ નવેમ્બરે ખુલશે અને ત્યારબાદ ૧૬ નવેમ્બરે લગભગ બે મહીનાના નિયમિત વાર્ષિક તીર્થયાત્રા માટે ખુલશે.

સરકાર એક બાજુ કોર્ટના નિર્ણયને કોઇ પણ સંજાગોમાં લાગૂ કરવાની વાત કહી રહી છે, જ્યારે બીજેપી અને અન્ય પક્ષના નિર્ણય વિરુદ્ધ રસ્તાઓ ઉપર ઉતરી આવ્યા છે. આ તમામ વાતો વચ્ચે બીજેપીએ બીજા ચરણનું આંદોલન મંગળવારથી ફરીથી શરૂ કર્યું છે. બીજેપીનું કહેવું છે કે, આગામી રથયાત્રામાં પાર્ટીના વિશપ અને મૌલાનાઓનું પણ સમર્થન છે.

બીજેપીની એનડીએ સરકારે છ દિવસોની રથયાત્રા કાઢવાની જાહેરાત પણ કરી છે. આ રથયાત્રા કાસરગોડથી સબરીમાલા સુધી ૮ નવેમ્બરથી કાઢવામાં આવશે. આ રથયાત્રાને કાઢવા પાછળનો હેતુ એ છે કે સબરીમાલા મંદિરની પરંપરા અને રિવાજોને બચાવી શકાય.

દિવાળીમાં ભેટસોગાદોના બદલે પુસ્તકો ભેટમાં આપો : જિલ્લા કલેક્ટરની અપીલ

સુરત

જિલ્લા કલેક્ટર ડો. ધવલ પટેલ દ્વારા અધિકારીઓને દિવાળીમાં ભેટસોગાદો આપવાને બદલે પુસ્તકો આપવા અપીલ કરવામાં આવી છે. દિવાળી દરમિયાન અધિકારીઓને ભેટસોગાદો આપવાના બદલે પુસ્તકો આપવાના પોસ્ટરો કલેક્ટર કચેરી પર લગાવવામાં આવ્યા છે.

સુરત જિલ્લા કલેકટર ડો. ધવલ પટેલ અવનવું કરવાથી ટેવાયેલા છે. થોડા સમય પહેલાં કલેક્ટરે સોશિયલ મીડિયાને તિલાંજલી આપી નવી પહેલ શરૂ કરી હતી. જેમાં પાંચ ડેપ્યુટી કલેક્ટરે પણ સોશિયલ મીડિયાને તિલાંજલી આપી દીધી હતી. દરમિયાન દિવાળીની ભેટસોગાદોને લઈને કરવામાં આવેલી અપીલ પણ ચર્ચાનો વિષય બની છે. સુરત કલેક્ટર કચેરી પર અપીલ કરતા પોસ્ટર લગાવવામાં આવ્યા છે. જેમાં લખવામાં આવ્યું છે કે, આપ સર્વેને દિવાળી અને નવા વર્ષની શુભકામના. આપની શુભકામનાઓ બહુમૂલ્ય છે. મીઠાઈઓ કે ભેટસોગાદો આપી તેનું અવમૂલ્યન કરશો નહીં. આ દિવાળી ગમતા માણસોને સારા પુસ્તકો ભેટ આપી નવી ચીલો ચીતરીએ.

અધિકારી ડો. ધવલ પટેલે વોટ્સઅપ પર એક મેસેજ મૂકતા શહેરભરમાં ચર્ચાનો વિષય બન્યો હતો. તેમણે વોટ્સઅપ પર કરેલા છેલ્લા મેસેજમાં પોતાના સહકર્મચારીઓ અને અધિકારીઓને જણાવ્યું હતું કે, પોતે સ્માર્ટ ફોન કે સોશિયલ મીડિયા જેવા કે વોટ્સઅપ, ફેસબુક કે ટ્વીટર, પર એક્ટીવ નહીં રહે. તેની પાછળ તેમણે પોતાનું અંગત કારણ હોવાનું જણાવ્યું છે.

ગેસની બોટલમાં દારૂ ભરીને સપ્લાય કરવાનો પર્દાફાશ : બે આરોપીઓની ધરપકડ

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધી હોવા છતા બુટલેગરો બેફામ દારૂની હેરાફેરી અને વેચાણ કરી રહ્યા છે. ત્યારે પોલીસની નજરોથી બચીને બુટલેગરો દારૂની હેરાફેરી કરવા માટે અવનવા કિમીયા શોધી કાઢે છે. અમદાવાદના રામોલ વિસ્તારમાં પણ બુટલેગરોએ દારૂની હેરાફેરી માટે ગેસની બોટલમાં દારૂની બોટલ સેટ કરીને દારૂની હેરાફેરી કરવાનો નવો કિમીયો ગોતી કાઢ્યા હતો. પરંતુ પોલીસના હાથે ઝડપાયા છે. શહેરની રામોલ પોલીસે ગેસ સિલિન્ડર સાથે દારૂની બોટલ ભરીને વેચતા બે શખ્સોને ઝડપી પાડ્યા છે. દારૂના જથ્થા સાથે પકડાયેલા બંન્ને આરોપીના નામ જગદીશ પટેલ અને ભાવેશ પંચાલ છે. આ બંન્ને બુટલોગરોની દારૂ વેચવાની નવી ટેકનિકથી પોલીસ પણ હક્કા-બક્કા રહી ગઈ હતી.

ભાજપના નેતાની ધોળેદાડે હત્યા, ગોળી માર્યા બાદ તલવારથી ગળુ કાપ્યું

પ્રતાપગઢ

રાજસ્થાનના પ્રતાપગઢમાં ભાજપના એક નેતાની બાઈકસવાર હુમલાખોરોએ ધોળે દિવસે કરપીણ હત્યા કરી છે. ભાજપના નેતા સમ્રાટ કુમાવત પર હુમલો કવામાં આવ્યો હતો. હુમલા વખતે કુમાવત રોડના કિનારે ઉભા હતા. પોલીસે જણાવ્યું છે કે બાઈક પર સવાર ત્રણથી ચાર બદમાશોએ પહેલા ગોળી મારી અને બાદમાં સમરથ કુમાવતનું માથું તલવારનો ઘા મારીને અલગ કરવામાં આવ્યું હતું. ભાજપના નેતા સમરથ કુમાવતની હત્યા દક્ષિણ રાજસ્થાનના પ્રતાપગઢથી માત્ર ચાર કિલોમીટરની અંતરે આવેલા ગામમાં કરવામાં આવી હતી. હત્યા બાદ હુમલાખોરો તાત્કાલિક ઘટનાસ્થળેથી ફરાર થયા હતા.

લોકો દ્વારા કુમાવતના હત્યારાઓની ઝડપથી ધરપકડની માગણી કરવામાં આવ્યા છે. પોલીસે કાર્યવાહી કરીને ઝડપથી આરોપીઓની ધરપકડનો ભરોસો આપ્યો છે. કુમાવતના પરિવારનું કહેવું છે કે મૃતકની કોઈપણની સાથે દુશ્મની નથી. તેઓ ભાજપના સક્રિય સદસ્ય હતા. ભાજપના સ્થાનિક નેતા મંગુસિંહે કહ્યુ છે કે સમરથ કુમાવત આ વિસ્તારના વરિષ્ઠ નેતા હતા. કોંગ્રેસના નેતા અને રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અશોક ગહલોતે કુમાવતની હત્યાની ઘટનાને વખોડી છે. તેમણે ટ્વિટ કરીને કહ્યુ છે કે તેઓ રાજસ્થાનના પ્રતાપગઢમાં ભાજપના સમરથ કુમાવતની ક્રૂર હત્યાની નિંદા કરે છે. આવા પ્રકારના જઘન્ય અપરાધ કરનારા ગુનેગારોને ગંભીરપણે દંડિત કરવા જોઈએ. રાજયમાં કાયદો અને વ્યવસ્થાની દયનીય સ્થિતિ ગંભીર ચિંતાનો વિષય છે.

લો બોલો સ્ટેચ્યુ ઓફ યુનિટી પર નકલી પોલીસ પકડાઈ ....!!

નિર્ભયા ની બાઝ નજર માં એક નકલી મહિલા પોલીસ પકડાતા માફીપત્ર લખાવ્યું

સ્ટેચ્યુ પર ચાલતી ભરતી માં બાઉન્સર ની નોકરી માટે આવેલી રાજકોટ જિલ્લા ની યુવતી એ પોતે પી એસ આઈ હોવાની ઓળખ આપતા ભાંડો ફૂટ્યો

રાજપીપળા : હાલ નર્મદા જિલ્લા માં સ્ટેચ્યુ ઓફ યુનિટી ચર્ચા માં છે ત્યારે એને જોવા ઘણા લોકો આવતા હોય છે સાથે નર્મદા માં આદિવાસીઓ દ્વારા એનો વિરોધ પણ થઈ રહ્યો છે જેથી સતત પોલીસ પેટ્રોલિંગ પણ ચાલુ છે જેમાં ગતરોજ સ્ટેચ્યુ તરફ પેટ્રોલિંગ માં ફરી રહેલી નર્મદા ની નિર્ભયા સ્કોડ ની મહિલા ને ત્યાં ફરતી એક યુવતી શંકાસ્પદ જણાતા એની પૂછતાછ માં એ પી એસ આઈ હોવાનું જણાવ્યું હતું અને પોતે પી એસ આઈ જેવી પર્શનાલીટી પણ ધરાવતી લાગતી હોવા છતાં નિર્ભયા ની ઝાબાજ પદ્માબેન અને વર્ષાબેન નામની મહિલા ને ડાઉટ વધતા આ બેન ને કેવડિયા પોલીસ સ્ટેશને લઈ જઈ વધુ પૂછતાછ કરતા આખરે આ યુવતી એ સત્ય હકીકત



જણાવતા કહ્યું કે પોતે રાજકોટ જિલ્લા ના છાસિયા ગામની કાજલ સર્વયા છે અને એ સ્ટેચ્યુ પર ચાલી રહેલી ભરતી માં બાઉન્સર તરીકે ની નોકરી માટે આવી છે પી એસ આઈ તરીકે ની ખોટી ઓળખ આપી નિર્ભયા ની મહિલાઓ ને ચકમો આપવા નો પ્રયાસ કરનારી કાજલ ની પોલ ખુલી ગયા બાદ એની કેરિયર ન બગડે એવા આશય થી આખરે એની પાસે માફીપત્ર લખાવી ઠપકો આપી કાજલ ને જતી કરી હતી પરંતુ નર્મદા એસ પી મહેન્દ્ર બગડિયા દ્વારા ઉભી કરાયેલી આ નિર્ભયા ટિમ ની મહિલાઓ ની ચકોર આખો એ આ નકલી પી એસ આઈ ને ઝડપી પોતાની અત્યાર સુધીની પ્રસંસનીય કામગીરી માં એક વધુ પ્રશંસા નો વધારો કર્યો છે ત્યારે આ સ્કોડ ના મુખ્ય પી એસ આઈ કે કે પાઠક પણ પ્રશંસા ના એટલાજ હકદાર છે માટે વારંવાર નિર્ભયા નું સન્માન પણ થતું રહ્યું છે .

હળવદની રાધે ઓઈલ મીલમાં હળવદ મામલતદાર અને ફુડ એન્ડ ડ્રગ્સના દરોડા

૮૩ ડિસ્કો તેલના તબ્બા જપ્ત કરાયા : ડિસ્કો તેલનો વેપલો કરતા તત્વોમાં ફફડાટ

આજરોજ મોડી સાંજના હળવદ- કોયબા રોડ પર આવેલ કિસાન વેરહાઉસના ગોડાઉન વિસ્તારમાં રાધે ઓઈલ મીલમાં ડિસ્કો તેલનું પેકીંગ થતું હોવાની ચોક્કસ બાતમીના આધારે જિલ્લા કલેકટરની સુચનાથી જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને હળવદ મામલતદારની ટીમે રાધે મીલ ઓઈલ મીલમાં દરોડો પાડતા ડિસ્કો તેલનું પેકીંગ કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.મામલતદાર અને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે ૮૩ ડબ્બા ડિસ્કો તેલના જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

દિવાળીના ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે માત્ર બે પૈસાની લાલચે લોકોનું આરોગ્ય જાખમાય તેવા તેલનો વેપલો કરતા તત્વો મેદાને પડયા છે. તેવામાં આજરોજ મોડી સાંજના હળવદ - કોયબા રોડ પર આવેલ કિસાન વેર હાઉસની પાછળ રાધે ઓઈલ મીલમાં ડિસ્કો તેલના ડબ્બા પેકીંગ થતા હોવાની ચોક્કસ બાતમીના મળતા જિલ્લા કલેકટર આર.જે. માકડીયાની સુચના મુજબ હળવદ મામલતદાર વી.કે. સોલંકી, જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સના અધિકારી શ્રી નાંઢા સહિતના સ્ટાફે રાધે ઓઈલ મીલમાં દરોડો પાડી ૮૩ ડિસ્કો તેલના ડબ્બા જપ્ત કરી કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. હળવદ પંથકમાં છાનાખુણે ચાલતા ડિસ્કો તેલના વેપલા પર તંત્ર દ્વારા ઠોસ કાર્યવાહી કરવામાં આવે તો અનેક તત્વોનો ભાંડો ફુટે તેમ છે. જાકે આજે હાથ ધરાયેલ કામગીરીથી કેટલાય તેલ વેપલાના તત્વો પર રીતસરનો ફફડાટ ફેલાયો છે.

મેવાસા ગામની સીમમાં ભરડીયામાંથી ઈંગ્લીશ દારૂની બોટલ ઝડપી પાડતી વિરપુર (જલારામ) પોલીસ



મેવાસા ગામની સીમમાં ભરડીયા માંથી પરપ્રાંતીય ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂ ની બોટલ નંગ ૧૬૮ કિંમત રૂ ૫૦,૪૦૦/- નો મુદ્દામાલ પકડી પાડી ગણનાપાત્ર કેશ પકડી પાડતી વિરપુર (જલારામ) પોલીસ

પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્ય બલરામ મીણા સાહેબ ની સુચના મુજબ નાયબ પોલીસ અધિક્ષક શ્રી જે એમ ભરવાડ સાહેબ જેતપુર વિભાગ તથા સી.પી.આઈ કે.આર.રાવત સાહેબ નાઓની માર્ગદર્શન મુજબ પ્રોહી જુગાર અંગેની બદીને સંપૂર્ણ રીતે નેસ્ત નાબુદ કરવા જે અન્વયે વિરપુર પો.સ્ટેના પો.સબ.ઈન્સ શ્રી વી.બી.ચૌહાણ સાહેબ પોલીસ સ્ટાફ પેટ્રોલીગમાં હતા તે દરમિયાન પો.સબ.ઈન્સ વી.બી.ચૌહાણ સાહેબને મળેલ ચોક્કસ હકીકત આધારે મેવાસા ગામની સીમમાં ભરડીયામાં પરપ્રાંતીય ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂ છૂપાવેલ છે. જે આધારે રેઈડ કરી નીચે મુજબનો ઈંગ્લિશ દારૂ પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરેલ છે (૧) એપીસોડ વિસ્કી ૭૫૦ એમએલ કાચની સીલપેક બોટલ નંગ ૫૮ કિંમત રૂ ૧૭,૪૦૦/- (૨) મેકડોવેલ નંબર વન સુપિરિયર વ્હિસ્કી ૭૫૦ એમએલ કાચની સીલપેક બોટલ નંગ ૭૧ કિંમત રૂ ૨૧,૩૦૦ (૩)રોયલ સ્ટેગ ક્લાસિક પ્રીમિયમ વિસ્કી ૭૫૦ એમએલ કાચની સીલપેક બોટલ નંગ ૩૯ કિંમત રૂ ૧૧,૭૦૦/- બોટલ નંગ ૧૬૮ કુલ રૂ ૫૦,૪૦૦/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે જેમા આરોપી (૧)ભીખાભાઈ લાખાભાઈ પટાટ જાતે આહીર ઉ.વ.૫૨ રહે મેવાસા તા.જેતપુર મુળ રહે ભંડુરી તા.માળીયા(હાટીના) જી.જુનાગઢ(૨) સંજયભાઈ ગોરધનભાઈ સાવલીયા રહે મેવાસા તા.જેતપુર(૩) રાજદીપ મહેન્દ્રભાઈ રહે મેવાસા તા.જેતપુર જેમા આરોપીનું (૧) અટક કરેલ છે તેમજ આરોપી નં (૨) તથા (૩) નાઓને અટક કરવા પર બાકી છે મજકુર આરોપીઓ વિરુદ્ધ પ્રોહિ એક્ટ મુજબ ધોરણ સર કાર્યવાહી કરેલ છે ઉપરોક્ત કામગીરી વિરપુર (જલારામ) પો.સ્ટે ના પો.સબ.ઈન્સ શ્રી વી.બી.ચૌહાણ તથા છજીૅ રણછોડભાઈ અરજણભાઈ તથા UHC ભરતભાઈ મેઘજીભાઈ તથા ન્ઈ૮ જયેશકુમાર મનસુખભાઈ વિગેરેનાઓએ ભેગા મળી ટીમ વર્કથી કરેલ છે

રાજપીપળા નજીકના ચિત્રાવાડી પાસે પગપાળા જતા વ્યક્તિનું અજાણ્યા વાહનની ટક્કરે મોત

રાજપીપળા : રાજપીપળા નજીક આવેલા ચિત્રાવાડી ગામના દિલીપભાઈ જશુભાઈ પટેલ ગત તારીખ ૨ નવેમ્બરે રાત્રે નજીક ની સ્વાગત હોટલ પાસે થી પગપાળા પોતાના ઘરે ચિત્રાવાડી જતા હતા એ સમયે એક અજાણ્યા વાહને એમને ટક્કર મારી ફંગોળી દેતા ગંભીર ઈજાઓ થતા એમનું ઘટના સ્થળેજ મોત નીપજ્યું હતું ત્યારે ગામની નજીકમાંજ બનેલી આ ઘટના બાદ ત્યાં લોકટોળા અને ગ્રામજનો દોડી આવ્યા હતા પરંતુ દિલીપભાઈ નું મોત થયા બાદ અજાણ્યો વાહન ચાલાક ત્યાંથી નાસી જતા આ બાબતે રાજપીપળા પોલીસ માં ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી હતી .

ગૃહિણીયો ગેસ સિલિન્ડર થી ચેતવા જેવો કિસ્સો ...

કેવડિયા કોલોની નજીક ના ગાડકોઈ ગામમાં રસોઈ બનાવતા ગેસનો બોટલ ફાટતા મહિલાનું મોત


રાજપીપળા : ગરુડેશ્વર તાલુકા ના ગાડકોઈ ગામમાં જમવાનું બનાવતી વેળા ગેસ સિલિન્ડર ફાટતા ગંભીર દાઝી ગયેલી મહિલા નું સારવાર દરમિયાન મોત થયું હતું

પ્રાપ્ત માહિતી અનુસાર ગાડકોઈ ગામમાં રહેતી રંજનબેન સુભાષભાઈ તડવી ગત તારીખ ૧ નવેંબરએ બપોરે પોતાના ઘરે રસોઈ બનાવતી હતી ત્યારે અચાનકજ ગેસ નો બોટલ ફાટતા રંજનબેન ગંભીર રીતે શરીરે દાઝી ગયા બાદ તાત્કાલિક રાજપીપળા સિવિલ માં સારવાર માટે લેવાય બાદ વધુ સારવાર માટે વડોદરા એસ એસ જી માં ખસેડાયા હતા જયાં સારવાર દરમિયાન એમનું મોત થયું હતું જેથી કેવડિયા પોલીસે આ બાબતે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે .

જેતપુર ખાતે તા ૭ ના રોજ સુન્ની એકતા કોન્ફ્રન્સ યોજાશે

આંતરાષ્ટ્રીય વક્તા સૈયદ હાશમીમીયા નું બયાન : જેતપુર ખાતે તારીખ ૭/૧૧/૨૦૧૮ ને બુધવારે ઐતિહાસિક સુન્ની કોન્ફ્રન્સ યોજાનાર છે

જેતપુર ની પવન ધરતીપર પર સર્વ પ્રથમ વખત મોહદ્દીસે આઝમ મીશન જેતપુર બ્રાન્ચ દ્વારા તારીખ ૭/૧૧/૨૦૧૮ ને બુધવારે રાત્રે ઈશા ની નમાઝ બાદ ૧૦ વાગે એક ઐતિહાસિક સુન્ની કોન્ફ્રન્સ નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં.આબરૂ એ અહેલે સુન્નત, તાજદારે મુલ્કે ખીતાબત,સુન્ની સંપ્રદાયના આંતરાષ્ટ્રીય વક્તા હુજુર ગાજીએ મીલ્લત, પીરે તરીકત અલ્હાજ સૈયદ મોહંમ્મદ હાશમી મીયા સાહેબ



અશર્ફીયુલ જિલ્લાની સાહબ કીછૌછા થી તશરીફ સુન્ની એકતા સંમેલન માં વાયઝ કરવા પધારી રહ્યા

છે પ્રથમ વખત જેતપુર ખાતે મુસ્લિમ ધર્મગુરુ ની પધરામણી થી એક અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે કોન્ફ્રન્સ ની તડામાર તૈયારીઓ ચાલી રહી છે

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મુફ્તી ગુલામ ગૌષ અલ્વી સાહેબ ધોરાજી, ઝેરે સરપરસ્તી પીરે તરીકત સૈયદ હાજી તાહેર મીયા બાપુ અશરફી જેતપુર, ઝેરે કયાદત સૈયદ દાદા બાપુ કાદરી જેતપુર, ઝેરે સિયાદત સૈયદ ઈરફાન બાપુ કાદરી અશરફી ઉપલેટા, ઝેરે હીમાયત સૈયદ આશીફ બાપુ અશરફી જેતપુર, ઝીનતે જશ્ન મુફ્તી સૈયદ અહમદ શાહ બાવા ધોરાજી, ઝેરે નીઝામત સૈયદ રફીક બાપુ અશરફી ઉપસ્થિત રહેશે .

આ કાર્યક્રમમાં પધારવા મોહદ્દીસે આઝમ મીશન જેતપુર નાં સૈયદ હાજી તાહેર મીયા બાપુ અશરફી, એ એક યાદિમાં જણાવ્યું છે.

મોરબી પંથકના ખેડૂતોને પાકવીમો અને સિંચાઈના મુદ્દે કલેકટરને આવેદન

મોરબી તાલુકા કોંગ્રેસ પ્રમુખે પાઠવ્યું આવેદન

મોરબી પંથકમાં ચાલુ વર્ષે અપૂરતા વરસાદને લીધે ખેડૂતોની સ્થિતિ દયનીય બની છે અને પંથકના ઘણા ગામોને કપાસ અને મગફળીનો વીમો પણ મંજુર ના કરીને અન્યાય કર્યો છે ત્યારે ખેડૂતોના પ્રશ્નો અંગે તાકીદે બેઠક યોજીને પ્રશ્નોના ઉકેલની માંગ કરવામાં આવી છે મોરબી તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કાંતિલાલ પડસુંબીયાએ જીલ્લા કલેકટરને આવેદન પાઠવીને ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા માંગ કરી છે અને પ્રશ્નો અંગે તાકીદે સંબંધિત ખાતાની બેઠક યોજી અન્યાય નિવારવા માંગ કરી છે જેમાં મોરબી પંથકના જે તે ગામોને પકવીમાંમાં થયેલ અન્યાય નિવારી પુનઃ વિચારણા કરવા, મચ્છુ ૩ ડેમમાંથી નારણકા, દેરાળા-મેઘપર અને નવાગામના ખેડૂતોને પાણી આપવા, મોરબી પંથકના ખેડૂતોના દેવા માફ કરવા, મોરબી માળિયા વિસ્તારના નર્મદાની જે પાઈપ લાઈન સિંચાઈ માટે વહન થાય છે

તે મોરબી, ધ્રાંગધ્રા, અને માળિયા બ્રાંચ કેનાલમાંથી ખેડૂતોને ખરીફ પાક માટે પુરતું સિંચાઈનું પાણી મળી રહે, મોરબી તાલુકાના ઝીકીયારી, ચકમપર, જીવાપર, કેશવનગરમાં સિંચાઈનું નર્મદાનું પાણી મળે અને નર્મદા મોરબી બ્રાંચ કેનાલમાંથી મચ્છુ ૨ ડેમ ભરી દેવામાં આવે તેવી માંગ કરી છે અને ખેડૂતોના પ્રશ્નોનો તાકીદે નિવેડો લાવવાની માંગ કરી છે

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધાડનો નાસતો ફરતો આરોપી ઝડપી પાડ્યો

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે સુરત જિલ્લાના કોસંબા ખાતેથી થયેલ ધાડના ગુનામાં નાસતો ફરતો આરોપીને ઝડપી પાડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ જિલ્લા એસપી રાજેન્દ્રસિંહ ચુડાસમાની સૂચના અને માર્ગદર્શન હેઠળ મિલકત સંબંધી ગુનાઓને અટકાવવા તેમજ ફરાર આરોપીઓ પર નજર રાખવા બહાર પેટ્રોલિંગમાં હતા.તે દરમિયાન બાતમીના આધારે સુરત જિલ્લાના કોસંબા પોલીસ મથકમાં લૂંટ



તથા ધાડનો એક વર્ષથી નાસતો ફરતો આરોપી સિમેશ રમેશ વસાવા વાગલખોડ ખાતે આવનાર છે.જે અંગે બાતમીના આધારે વોચમાં રહીને આરોપી આવતાં તેને ઝડપી પાડી સીઆરપીસી ૪૧(૧) ડી મુજબ અટક કરી આગળની કાર્યવાહી માટે કોસંબાને જાણ કરવામાં આવી છે.

વિચિત્ર અકસ્માતઃ સુરતમાં તુલસીનું કુંડું યુવકના હાથ પર પડતા પંજો છૂટો પડ્યો

સુરત

સુરતમાં એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં બે વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા છે. આ અકસ્માત કોઈ કાર કે બાઈક કે પછી કોઈ વાહન વચ્ચે થયો નથી. આ અકસ્માત એવી વસ્તુથી થયો છે જેના કારણે એક વ્યક્તિએ પોતાના હાથનો પંજો ગુમાવો પડ્યો છે. તો બીજી વ્યક્તિને પગ ઉપર ઈજા પહોંચી છે. વાત જાણે એમ છે કે માણસ ઉપર તુલસીનું કુંડું પડતા હાથમાંથી પંજો છૂટો પડ્યો હતો. જ્યારે પાસે ઊભેલા વ્યક્તિને પગમાં ઈજા પહોંચી હતી. બંનેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈને જવાયા હતા. જ્યાં તેમની સારવાર આપવામાં આવી હતી.

મળતી માહિતી પ્રમાણે સુરતમાં એક વિચિત્ર ઘટના બની છે જેમાં તુલસીના કુંડાના કારણે એક વ્યક્તિએ પોતાના હાથનો પંજો ગુમાવ્યો હતો. આજે રવિવારે સવારે ફ્લેટ પરથી એક તુલસીનું કુંડું નીચે ઉભેલા વ્યક્તિ ઉપર પડ્યું હતું. કુંડું સીધું જ હાથ ઉપર પડતા ઝાટકા ભેર હાથનો પંજો હાથમાંથી છૂટો પડી ગયો હતો. જેના પગલે હાથના પંજાને થેલીમાં નાખીને વ્યક્તિને સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર થઈ હતી. તુલસીના કુંડાના કારણે અન્ય એક વ્યક્તિને પગમાં ઈજાઓ પહોંચી હતી. તેને પણ સારવાર આપવામાં આવી હતી.